# મિક્સ / ગ્લાસ ડિઝાઈનર (સિરામિસ્ટ)

મિક્સ / ગ્લાસ ડિઝાઈનર વિવિધ પ્રકારની સામગ્રી જેવી પોર્સિલેન, કાચ વગેરેમાંથી માટીના વાસણો, રસોઈના ટેબલ પર મૂકવાની વસ્તુઓ, કલાત્મક ગ્લાસ (પ્યાલા), સેનેટરી માટેની વસ્તુઓની ડિઝાઈન તૈયાર કરે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમને કલાત્મક વ્યવસાયોમાં રૂચિ ધરાવો છો
- તમને વસ્તુઓનું નિર્માણ કરવું ગમે છે
- તમે સમૂહમાં કામ કરવા માટે સહજ છો
- તમે સર્જનાત્મક વલણ ધરાવો છો



ફી

આ અભ્યાસક્રમની ફી આશરે
**રૂ. ૧૧,૩૬૦ થી ૧૩,૭૮,૦૦૦***

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે.)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. સિરામિક્સ/ગ્લાસ ડિઝાઈનમાં સ્નાતકની ડિગ્રી (B.Design) પ્રાપ્ત કરો.

**અથવા**

સિરામિક્સ/ગ્લાસમાં સ્નાતકની ડિગ્રી (B.Design) પૂર્ણ કર્યા બાદ સમાન અથવા સંબંધિત ક્ષેત્રમાં માસ્ટર ડિગ્રી (M.Design) પ્રાપ્ત કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

*અહી આપલે આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

સિરામિક્સ/ગ્લાસ ડિઝાઈનરનું અંદાજીત માસિક વેતન **રૂ. ૩૧,૦૦૦ થી ૫૦,૦૦૦*** જેટલું હોય છે.

સ્રોત: https://www.payscale.com/research/IN/Job=Industrial_Designer/Salary

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** ચીનાઈ માટી, સ્ટોનવેર, માટીના વાસણો વગેરે જેવા સિરામિક મટીરીયલ્સનું ઉત્પાદન કરતી કંપનીઓ.

**ઉદ્યોગ સાહસિકતા:** તમે તમારી પોતાની ખાનગી કંપની/સ્ટુડિયો પણ શરૂ કરી શકો છો.

**કાર્યસ્થળનું વાતાવરણ:** સામાન્ય રીતે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ, પ્રતિ દિવસ ૮ થી ૯ કલાક ફરજ બજાવવાની હોય છે. શિફ્ટ સિસ્ટમમાં કામ કરવું પડી શકે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

તાલીમાર્થી સિરામિક્સ/ગ્લાસ ડિઝાઈનર → સિરામિક્સ/ગ્લાસ ડિઝાઈનર → સિનિયર સિરામિક્સ/ગ્લાસ ડિઝાઈનર → ડિઝાઈન લીડ

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

ક્લે ડિઝાઈન મેકર, સિરામિસ્ટ, ગ્લાસ ડિઝાઈનર

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ ડિપાર્ટમેન્ટ ઓફ ડિઝાઈન દ્વારા દ્વારા ચલાવવામાં આવે છે.** અહી આપલે સંસ્થાઓની યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. વિશ્વ ભારતી યુનિવર્સિટી, પશ્ચિમ બંગાળ
૨. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઑફ ડિઝાઈન, આંધ્રપ્રદેશ
૩. સેન્ટ્રલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી, કોકરાઝાર
૪. ઈન્સ્ટિટ્યુટ ઓફ ફેશન ટેકનોલોજી કેરળ, કોલ્લમ
૫. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ડિઝાઈન, હરિયાણા
૬. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઑફ ડિઝાઈન, મધ્યપ્રદેશ
૭. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ડિઝાઈન, આસામ
૮. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ડિઝાઈન, અમદાવાદ

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે સંસ્થા UGC અને AICTE સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. આર્ટેમિશિયા કોલેજ ઓફ આર્ટ એન્ડ ડિઝાઈન, ઈન્દોર
૨. એ.પી.જે. કોલેજ ઓફ ફાઈન આર્ટસ, જલંધર
૩. અલખ પ્રકાશ ગોયલ શિમલા યુનિવર્સિટી, શિમલા
૪. અમૃતા સ્કૂલ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, કોચી
૫. એમિટી યુનિવર્સિટી, ગુરુગ્રામ
૬. કેટ કોલેજ ઓફ આર્કિટેક્ચર, ત્રિવેન્દ્રમ
૭. ચંદીગઢ યુનિવર્સિટી, ચંદીગઢ
૮. ચિત્કારા યુનિવર્સિટી, પટિયાલા

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- NPTEL* સ્વયમ: https://onlinecourses.nptel.ac.in/noc21_ce51/preview
- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in
- www.skillindiadigital.gov.in

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

*NPTEL-નેશનલ પ્રોગ્રામ ઈન ટેકનોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.



## સાફલ્ય ગાથા

**માધવી સુબ્રમણ્યમ** એક ભારતીય સિરામિસ્ટ/સિરામિક્સ ડિઝાઈનર છે જેમણે ડલ્લાસ, ટેક્સાસમાંથી ફાઈન આર્ટ્સમાં માસ્ટર ડિગ્રી મેળવી છે અને સિરામિક ડિઝાઈનર તરીકે પદુચેરીમાં તેની કારકિર્દી શરૂ કરી. ત્યારબાદ તેમણે મુંબઈમાં પોતાનો સ્ટુડિયો શરૂ કર્યો. તેનું કાર્ય મુંબઈ એરપોર્ટ, લોહિયા આર્ટ ફાઉન્ડેશન, જિંદાલ આર્ટ ફાઉન્ડેશન વગેરે જેવી અનેક જાહેર જગ્યાઓ પર પ્રદર્શિત કરવામાં આવ્યું છે.*

સ્રોત: https://indianexpress.com/article/lifestyle/art-and-culture/ceramicist-madhvi-subrahmanian-latest-exhibition-mapping-memory-in-mumbai-4846921/

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.